કેસ રજુ તા.૦૯ –૦૮–૨૦૨૩
દાખલ તા.૦૯ –૦૮–૨૦૨૩
ફેંસલ તા. ૧૬–૦૪–૨૦૨૬
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>
૦૨– ૦૮ – ૦૭

**ગઢડાના મે. એડી. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. ગઢડા, જી. બોટાદ.**

ફોજદારી કેસ નં. ૨૧૬૯/૨૦૨૩ સાથે ૨૭૮૭/૨૦૨૩
આંક –

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** (૧) ગોપાલભાઈ છગનભાઈ જતાપરા ઉ.વ. ૨૯,
રહે. ગઢાળા ગામ, બાપા સીતારામ ઓટા પાસે,
તા. વીંછીયા, જી. રાજકોટ
(૨) કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયા ઉ.વ. ૨૬,
રહે. રતનપર ગામ,
તા. ગઢડા જિ. બોટાદ
(૩) ઉદયભાઈ બાબભાઈ ખવડ ઉ.વ. ૨૫
રહે. ગુદીયાવાડા ગામ,
તા. સાયલા જિ. સુરેન્દ્રનગર

---

ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – સંજયભાઈ આર. પટેલ.
આરોપી નં. ૧, ૨,૩ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી – બી.એચ.છત્રાવાલા

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ગઈ તા. ૦૩–૦૭–૨૦૨૩ના કલાક ૦૨–૦૦ વાગ્યે ઈતરીયા ગામે નાની કુંડળના રસ્તે આવેલ ખોડીયાર માતાના મંદિર પહેલા સામેની બાજુએ આવેલ બીડ વિસ્તારમાં આરોપી નં. ૧નાએ ગેર કાયદેર વગર પાસ પરમીટે પોતાના કબજામાં અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલ નંગ –૯૨ કિંમત રૂા. ૩૯,૧૫૬/–

નો મુદ્દામાલ પોતાના અંગત ફાયદા સારૂ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તથા આરોપી નં. ૨ અને આરોપી નં. ૩નાઓએ સદર વિદેશી દારૂનો જથ્થો પુરો પાડી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પ્રોહી. એક્ટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાનો કરેલો છે.

જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ તે જ દિવસે ઢસા પોલીસ સ્ટેશનના થર્ડ ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૪૨૩૦૯૦૨/૨૩ થી તે જ દિવસે નોંધવામાં આવેલ છે.

તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદર કામે આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ નાઓ વિરૂધ્ધ ફોજદારી કેસ નં. ૨૧૬૯/૨૩ થી રજીસ્ટર થયેલ અને ત્યારબાદ આરોપી નં. ૩ના ઓ વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલ જે ફોજદારી કેસ નં. ૨૭૮૭/૨૩ થી રજીસ્ટર થયેલ.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

તેમજ આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ નં. ૨૧૬૯/૨૩ ના કામે **આંક–૦૩ થી તહોમતનામુ** ફરમાવવામાં આવેલ. જે તહોમતનામાની વિગત આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી પુછતાં, આરોપી નં. ૧ અને ૨ના ઓએ તેમના **આંક–૪ થી આંક–૫ થી પ્રાથમિક નિવેદન**માં ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં તેમજ ફોજદારી કેસ નં. ૨૭૮૭/૨૩ ના કામે આરોપી નં.૩ ને **આંક–૦૪ થી તહોમતનામુ** ફરમાવવામાં આવેલ. જે તહોમતનામાની વિગત આરોપીને વાંચી, સંભળાવી, સમજાવી પુછતાં, આરોપી નં. ૩નાએ તેમના **આંક–૫ થી પ્રાથમિક નિવેદન**માં ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ

કરવામાં આવેલી.

સદરહું કામે ફરીયાદી તરફે એ.પી.પી.શ્રીએ આંક–૨૬ થી ફોજદારી કેસ નં. ૨૧૬૯/૨૩ મેઈન કેસ હોય તથા ફોજદારી કેસ નં. ૨૭૮૭/૨૩ પુરવણી ચાર્જશીટ હોય બંને કેસ ભેગા કરી પુરાવો એક કેસમાં લેવા અરજી આપતા તે અરજી લગત હુકમ કરી મેઈન કેસ ફોજદારી કેસ નં. ૨૧૬૯/૨૩ મા પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવતા મેઈન કેસ ફોજદારી કેસ નં. ૨૧૬૯/૨૩ મા પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.)** આ કામે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **આંક** | **નામ** | **વિગત** |
|---|---|---|---|
| **૧.** | ૧૨ | બાવકુભાઈ જીલુભાઈ ગોવાળીયા | પંચસાહેદ |
| **૨.** | ૧૪ | હરદીપભાઈ બાબભાઈ ખાચર | પંચસાહેદ |
| **૩.** | ૨૧ | રાણાભાઈ પુંજાભાઈ પાડા | પંચસાહેદ |
| **૪.** | ૩૩ | હસ્તરાજભાઈ મનુભાઈ ગોવાળીયા | પંચસાહેદ |
| **૫.** | ૩૯ | રણજીતભાઈ લઘુભાઈ વાળા | પંચસાહેદ |
| **૬.** | ૪૦ | કુલદિપસિંહ પ્રવિણસિંહ ગોહીલ | સાહેદ |
| **૭.** | ૪૩ | નિતેશભાઈ ધીરુભાઈ ગઢવી | ફરીયાદી |
| **૮.** | ૫૬ | વિજયકુમાર વેણીશંકર પંડયા | ત.ક.અ. |
| **૯.** | ૫૯ | મયુરધ્વજસિંહ જી. જાડેજા | ત.ક.અ. |
| **૧૦.** | ૬૬ | જશુભાઈ જગુભાઈ ધાધલ | પંચસાહેદ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૧.** | ૧૩ | આરોપીઓનું અટક પંચનામું |

| | | |
|---|---|---|
| **૨.** | ૨૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| **૩.** | ૩૪ | આરોપીઓનું અટક પંચનામું |
| **૪.** | ૪૪ | ફરીયાદ |
| **૫.** | ૬૦ | એફ.આઈ.આર. |
| **૬.** | ૬૧ | એફ.એસ.એલ. રવાનગી પત્રક |
| **૭.** | ૬૨ | પરીક્ષણ અહેવાલ |
| **૮.** | ૬૩ | સી.ડી.આર. |

**૪.)** ઉપરોક્ત પુરાવા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ હોય આરોપી કુટુંબની જવાબદારીવાળા નાના માણસ હોય તેઓની ઉપર રહેમ દૃષ્ટિ રાખી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ આ કામે વિશેષમાં તેઓએ કાંઇ કહેવુ નથી કે બચાવપક્ષે કોઈ સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ દલીલોના તબક્કે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે.

**૫.)** સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ગઈ તા. ૦૩–૦૭–૨૦૨૩ના કલાક ૦૨–૦૦ વાગ્યે ઈતરીયા ગામે નાની કુંડળના રસ્તે આવેલ ખોડીયાર માતાના મંદિર પહેલા સામેની બાજુએ આવેલ બીડ વિસ્તારમાં આરોપી નં. ૧ નાએ ગેર કાયદેર વગર પાસ પરમીટે પોતાના કબજામાં અલગ

અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલ નંગ–૯૨ કિંમત રૂા. ૩૯,૧૫૬/– નો મુદ્દામાલ પોતાના અંગત ફાયદા સારૂ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તથા આરોપી નં. ર અને આરોપી નં. ૩નાઓએ સદર વિદેશી દારૂનો જથ્થો પુરો પાડી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પ્રોહી. એક્ટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**<u>પંચસાહેદોના પુરાવાઓઃ–</u>**

**૬.)** ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧ પંચ** બાવકુભાઇ જીલુભાઇ ગોવાળીયાને આંક–૧૨ થી **સાહેદ નં. ૨ પંચ** હરદીપભાઇ બાબભાઇ ખાચરને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસી તેમના પુરાવા દરમ્યાન આંક–૧૩ થી આરોપીઓના અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સિવાય તેઓ બીજુ કશું જાણતા નથી તથા **સાહેદ નં. ૩ પંચ** રાણાભાઇ પુંજાભાઇ પાડાને આંક–૨૧ થી **સાહેદ નં. ૧૦ પંચ** જશુભાઈ જગુભાઈ ધાધલને આંક–૬૬ સોગંદ ઉપર તપાસી તેમના પુરાવા દરમ્યાન આંક–૨૨ થી ગુનાવાળી જગ્યા અંગેના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સિવાય તેઓ બીજુ કશું જાણતા નથી. તેમજ **સાહેદ નં. ૪ પંચ** હસ્તરાજભાઇ મનુભાઇ ગોવાળીયાને આંક–૩૩ થી **સાહેદ નં. ૫ પંચ** રણજીતભાઇ લઘુભાઇ વાળાને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસી તેમના પુરાવા દરમ્યાન આંક–૩૪ થી આરોપીઓના અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સિવાય તેઓ બીજુ કશું જાણતા નથી

સદરહુ પંચસાહેદોએ તેમના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક

પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિ.એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં કોઈ પંચસાહેદે ફરીયાદપક્ષને અનુરૂપ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

સદર પંચસાહેદોએ બચાવપક્ષની તેમની ઉલટતપાસમાં પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનું કબુલ રાખેલ છે.

આમ, સદર પંચસાહેદોનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો પોલીસે આ કામે મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની કાર્યવાહી પંચો રૂબરૂ કરેલ હોવાની કોઈ હકીકત જણાઈ આવતી નથી. જેથી સદર પંચસાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી.

**<u>ફરીયાદીનો પુરાવોઃ–</u>**

**૭.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૭** નિતેશભાઈ ધીરુભાઈ ગઢવીને આંક– ૪૩ થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨/૭/૨૩ના રોજ તેઓ હે.કો. તરીકે ગઢડા પો.સ્ટે. ખાતે ફરજ પર હતા ત્યારે તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે, આ કામના આરોપી ગોપાલભાઈ છગનભાઈ જતાપરા રહે. ગઢાળા તા. વીંછીયા વાળો બીડ વિસ્તારમાં વિદેશી દારૂની બોટલો સંતાડી વેચાણ અર્થે રાખી હેરફેર કરે છે જેથી બાતમીવાળી જગ્યાએ પંચો રુબરુ રેઈડ કરતા એક ઈસમ બીડમાં બાવળની બોરડીની કાંટમાં કંઈક હેરફેર કરતો જોવામાં આવેલ જે પોલીસને જોઈ ભાગવા જતા પોલીસે દોડીને પકડી પાડી પંચો રુબરુ નામઠામ પુછતા પોતે પોતાનું નામ ગોપાલભાઈ છગનભાઈ જતાપરા રહે. ગઢાળાવાળો હોવાનુ જણાવેલ અને બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા ઝાડી–ઝાંખરામાંથી અલગ અલગ કંપનીની ભારતીય બનાવટની વિદેશી દારૂની કંપની સીલપેક બોટલો મળી આવેલ અને સદર વિદેશી દારુનો જથ્થો કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયા રહે. રતનપર ગામવાળાએ પુરો પાડેલ હોય તેવુ જણાવેલ અને સદરહું વિદેશી દારૂનો જથ્થો રાખવા અંગે પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ જેથી, કુલ બોટલ નંગ–૯૨ કિંમત રૂા.

૩૯,૧૫૬/– નો મુદ્દામાલ પંચો તથા પી.એસ.આઈ. રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ જે પંચનામું આ કામે આંક–૨૨ થી રજુ થયેલ છે જેમા પંચોની તથા રુબરુમાં પંડયા સાહેબની સહી છે. આ બાબતે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલી જે ફરીયાદ તેમને બતાવતાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૪૪ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વકીલશ્રીએ ફરીયાદીની ઉલટ તપાસ કરતાં ફરીયાદીએ તેમાં જણાવેલ છે કે, બનાવ સ્થળે પેટ્રોલીંગમાં કલાક ૨૨–૦૦ વાગે ખાનગી વાહનમાં નીકળેલા અને બનાવ સ્થળે કલાક ૨૩–૩૦ પછીના ટાઇમે પહોંચેલા. તે વખતે તેઓની સાથે અન્ય પોલીસ સ્ટાફ હતો. અમોના વાહનનું કે અમોનું કોઈ પ્રાથીમક પંચનામુ થયેલ નથી. બનાવના દિવસે ફરજ પર હાજર હતા તે અંગેનો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી કે ત.ક. અમલદારે માંગેલ નથી. આરોપીઓના કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ નથી. આરોપીઓની માલીકીની જગ્યામાંથી મુદ્દામાલ કબજે કરેલ હોચ તેવુ બનેલ નથી. આરોપી પાસેથી કઈ બ્રાન્ડની વિદેશી બોટલ કબજે કરેલ તે હાલ યાદ નથી. બનાવ સ્થળની આજુબાજુ વાડી ખેતર છે.

<u>**સાહેદનો પુરાવોઃ–**</u>

૮.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૬** કુલદિપસિંહ પ્રવિણસિંહ ગોહીલને આંક– ૪૦ થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨/૭/૨૩ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે, આ કામના આરોપી ગોપાલભાઈ છગનભાઈ જતાપરા રહે. ગઢાળા તા. વીંછીયા વાળો બીડ વિસ્તારમાં વિદેશી દારૂની બોટલો સંતાડી વેચાણ અર્થે રાખી હેરફેર કરે છે જેથી બાતમીવાળી જગ્યાએ પંચો રુબરુ રેઈડ કરતા એક ઈસમ બીડમાં બાવળની બોરડીની કાંટમાં કંઈક હેરફેર કરતો જોવામાં આવેલ જે પોલીસને જોઈ ભાગવા જતા પોલીસે દોડીને પકડી પાડી પંચો રુબરુ નામઠામ

પુછતા પોતે પોતાનું નામ ગોપાલભાઈ છગનભાઈ જતાપરા રહે. ગઢાળાવાળો હોવાનુ જણાવેલ અને બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા ઝાડી–ઝાંખરામાંથી અલગ અલગ કંપનીની ભારતીય બનાવટની વિદેશી દારૂની કંપની સીલપેક બોટલો મળી આવેલ અને સદર વિદેશી દારુનો જથ્થો કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયા રહે. રતનપર ગામવાળાએ પુરો પાડેલ હોય તેવુ જણાવેલ અને સદરહું વિદેશી દારૂનો જથ્થો રાખવા અંગે પાસપરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ જેથી, કુલ બોટલ નંગ–૯૨ કિંમત રૂા. ૩૯,૧૫૬/– નો મુદ્દામાલ પંચો તથા પી.એસ.આઈ. રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ જે પંચનામું આ કામે આંક–૨૨ થી રજુ થયેલ છે જેમા પંચોની તથા રુબરુમાં પંડયા સાહેબની સહી છે. સાથેના પો.કો. નિતેશભાઈ ધીરુભાઈનાઓએ ગઢડા પો.સ્ટે. આવીને આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની ફરીયાદ આપેલી. આ કામના આરોપીને જોયેથી ઓળખે છે.

બચાવપક્ષે આરોપીઓના વિ.વકીલશ્રીએ સદરહું સાહેદની ઉલટ તપાસ કરતાં તેમાં જણાવેલ છે કે, બનાવ સ્થળે પેટ્રોલીંગમાં કલાક ૨૨–૦૦ વાગે ખાનગી વાહનમાં નીકળેલા અને બનાવ સ્થળે કલાક ૨૩–૩૦ પછીના ટાઈમે પહોંચેલા. તે વખતે તેઓની સાથે અન્ય પોલીસ સ્ટાફ હતો. અમોના વાહનનું કે અમોનું કોઈ પ્રાથીમક પંચનામુ થયેલ નથી. બનાવના દિવસે ફરજ પર હાજર હતા તે અંગેનો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી કે ત.ક. અમલદારે માંગેલ નથી. આરોપી નં. ૨ અને ૩ના કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ નથી. આરોપીઓની માલીકીની જગ્યામાંથી મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી પાસેથી કઈ બ્રાન્ડની વિદેશી બોટલ કબજે કરેલ તે હાલ યાદ નથી. બનાવ સ્થળની આજુબાજુ વાડી ખેતર છે.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવોઃ–</u>**

૯.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૮** વિજયકુમાર વેણીશંકર પંડયાને આંક– ૫૬ થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે

કે, તા. ૩/૭/૨૩ના રોજ તેઓ પી.એસ.આઈ. તરીકે ગઢડા પો.સ્ટે. ખાતે ફરજ પર હતા ત્યારે તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ જેથી, બાતમીવાળી જગ્યાએ પંચો રુબરુ રેઈડ કરતા ગોપાલભાઈ ચતુરભાઈ જતાપરા હાજર મળી આવેલ અને તેમની પાસેથી પંચો રુબરુ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ અને પંચોની સહીઓ લીધેલ. ત્યારબાદ આરોપી ગોપાલભાઈની અટક અંગેની કાર્યવાહી કરેલી અને સાહેદ નં. ૬ થી ૯ ના નિવેદન લીધેલા. આરોપીની સીડીઆર મેળવેલ તથા એફ.એસ.એલ. રવાનગી કરેલ અને આરોપી ગોપાલભાઈ ચતુરભાઈ તથા કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયાનાઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને ત્રીજા આરોપી ઉદયભાઈ બાબભાઈ ખવડનાઓ અંગેની તપાસની કાર્યવાહી પી.આઈ.શ્રી એમ.જી. જાડેજાનાઓએ કરેલી અને નામ. કોર્ટમાં તેમની સામે પુરતો પુરાવો હોય તેઓએ અલગથી ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ.

બચાવપક્ષે આરોપીઓના વિ.વકીલશ્રીએ સદરહું સાહેદની ઉલટ તપાસ કરતાં તેમાં જણાવેલ છે કે, બનાવના દિવસે અમો ફરજ પર હતા તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. અમોને રેડ કરવાનો કોઈ પત્રક સોંપવામાં આવેલ નહી કેમ કે પેટ્રોલીંગ દરમીયાન બાતમી મળેલી. રેઈડ કરતા પહેલા કોઈ પ્રાથમિક પંચનામું કરેલ નથી. બનાવ સ્થળની આજુબાજુ પડતર જગ્યા આવેલી છે. આ કામે સાહેદ તરીકે પોલીસ સ્ટાફના માણસો જ છે. અમોએ આરોપીઓની માલીકીની જગ્યામાંથી મુદ્દામાલ કબજે કરેલ નથી. આરોપી કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયા અને ઉદયભાઈ બાબભાઈ ખવડનાઓના કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

**૧૦ .)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૯ ત.ક.અ.** મયુરધ્વજસિંહ જી. જાડેજાને આંક–૫૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૩/૭/૨૩ના રોજ તેઓ પી.આઈ. તરીકે

ગઢડા પો.સ્ટે. ખાતે ફરજ પર હતા ત્યારે તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ જેથી, બાતમીવાળી જગ્યાએ પંચો રુબરુ રેઈડ કરતા આરોપી ગોપાલભાઈ ચતુરભાઈ જતાપરા હાજર મળી આવેલ અને તેમની પાસેથી પંચો રુબરુ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ અને પંચોની સહીઓ લીધેલ જે પંચનામુ આંક–૨૨ થી રજુ થયેલ છે. આ કામના આરોપી વિરુધ્ધમાં નિતેશભાઈ ગઢવીનાઓએ ગઢડા પો.સ્ટે. ધોરણસરની ફરીયાદ આપેલી જે ફરીયાદના આધારે ગઢડા પો.સ્ટે. ખાતે ગુ.ર.નં. ૦૯૦૨/૨૩ થી પ્રોહી કલમ–૬૫(ઈ) વિ. મુજબનો ગુનો રજીસ્ટર થયેલો જેની એફ.આઈ.આર. તેમને બતાવતા તેમાં પી.એસ.ઓ. તરીકે એચ.પી.પરમારની સહી છે જે આ કામે આંક–૬૦ થી રજુ થયેલ છે. સદરહું કામની આગળની તપાસ વી.વી.પંડયાને સોંપી આપતા તેઓએ તપાસ સંભાળી સૌપ્રથમ સદરહું કામે ચાર્જશીટમાં જણાવેલ સાહેદ નં. ૬ થી ૯ ના નિવેદનો નોંધી લીધેલા અને વિદેશી દારુની સીલબંધ બોટલો એફ.એસ.એલ.માં તપાસણી માટે મોકલેલ જેનો પરીક્ષણ અહેવાલ તા. ૫/૭/૨૩ના રોજ એફ.એસ.એલ. જુનાગઢ ખાતે પરીક્ષણ માટે મોકલેલો જેનો રવાનગીપત્રક તેમને બતાવતાં તેમાં મારી સહી છે જે આ કામે આંક–૬૧ થી રજુ થયેલ છે. રવાનગીપત્રકના આધારે તા.૧૨/૧૦/૨૩ના રોજ પરીક્ષણ અહેવાલ આવેલો જે બતાવતાં તેમાં તપાસણી અધિકારીની સહી છે જે આ કામે આંક–૬૨ થી રજુ થયેલ છે અને જે રીપોર્ટમાં ઈથાઈલ આલ્કોહોલનું પ્રમાણ જાણવા મળેલ. ત્યારબાદ આરોપી ગોપાલભાઈની અટક અંગેની કાર્યવાહી કરેલી અને આરોપીની સીડીઆર મેળવેલી જે સીડીઆર બતાવતા કુલ–૭ પેજ છે જે આ કામે આંક–૬૩ થી રજુ થયેલ છે. સદરહું કામે અમોને વી.વી.પંડયાનાઓએ તપાસ સોંપેલી. સદરહું કામે આરોપી ઉદયભાઈ અને આરોપી કુલદીપભાઈ પોલીસ સ્ટેશને હાજર થતા હોય તેઓની ધોરણસરની અટક કરેલી અને તેઓના અટક પંચનામા કરેલા જે આ કામે આંક–૧૩ અને આંક–૩૪ થી રજુ થયેલ છે જેમાં મારા રુબરુ પંચોની સહીઓ છે. આરોપી ગોપાલભાઈ

ચતુરભાઈ તથા આરોપી કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયાનાઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય વી.વી.પંડયાનાઓએ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને ત્રીજા આરોપી ઉદયભાઈ બાબભાઈ ખવડનાઓ અંગેની તપાસની કાર્યવાહી અમોએ કરેલ અને તેમની સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં અલગથી ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ.

બચાવપક્ષે આરોપીઓના વિ.વકીલશ્રીએ સદરહું સાહેદની ઉલટ તપાસ કરતાં તેમાં જણાવેલ છે કે,બનાવના દિવસે અમો ફરજ પર હાજર હતા તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. બનાવ સ્થળની આજુબાજુ પડતર જગ્યા આવેલ છે. આ કામે સાહેદ તરીકે પોલીસ સ્ટાફના માણસો જ છે. આરોપી કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયા અને ઉદયભાઈ બાબભાઈ ખવડનાઓના કબજામાંથી અમોએ કોઈ દારૂ કબજે કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**૧૧.)** આ કામે રજુ થયેલ પુરાવો જોતાં ફરીયાદ મુજબ બનાવ સમયે જે પંચસાહેદો હતા તેમની હાજરીમાં જ મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. પરંતુ, તેઓનો પુરાવો જોતા પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને તેઓ તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકતો જણાવેલ છે. પોલીસે તેઓની રૂબરૂ કોઈ વસ્તુ કબજે કરેલ ન હોવાની હકીકતો જણાવેલ છે.

પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ખરેખર પંચસાહેદોની હાજરીમાં રેડ કરવામાં આવેલ હોય અને અને આરોપીના પોતાના કબજા ભોગવટામાંથી કે બાતમીવાળી જગ્યાએથી દારૂ મળી આવેલ અને પંચનામાની વિગતે કહેવાતો મુદ્દામાલ પોલીસે પંચો રૂબરૂ કબજે કર્યા અંગેની હકીકત શંકા ઉપજાવે છે.

**૧૨.)** વધુમાં, આ કામે ફરીયાદી, સાહેદ તથા ત.ક.અમલદારની ઉલટ તપાસમાં તેઓએ કબુલ રાખેલ છે કે, આરોપીઓના કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ

નથી. આરોપીઓની માલીકીની જગ્યામાંથી મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી પાસેથી કઈ બ્રાન્ડની વિદેશી બોટલ કબજે કરેલ તે હાલ યાદ નથી. બનાવ સ્થળની આજુબાજુ વાડી ખેતર છે તથા આજુબાજુ પડતર જગ્યા આવેલ છે .

વધુમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલા નથી, માત્ર પોલીસ સાહેદોના નિવેદન નોંધેલા છે. જયારે બનાવવાળી જગ્યાની આસપાસ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોય છતાં કોઈ સાહેદોના નિવેદનો કે પુરાવો રજુ કરવામાં ન આવે ત્યારે ફરીયાદપક્ષના કેસમાં શંકા ચોકકસ ઉપસ્થિત થાય છે. આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર સાહેદો મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે.

જેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી એવો કોઈ મૌખિક પુરાવો પોતાની જુબાનીમાં આપેલ નથી અને ફકત તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકતો જણાવેલ છે. તેમજ આ કામે બનાવવાળી જગ્યા આ કામના આરોપીની માલીકી કે કબજા ભોગવટાની હોવાનો પણ કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે અન્ય સ્વતંત્ર સાહેદોના સમર્થન વગર ફકત ફરીયાદ અને પોલીસના પુરાવા આધારે આ કામના આરોપીના પોતાના કબજામાંથી દારૂ મળી આવેલ હોવાનું શંકાસ્પદ જણાય છે ત્યારે આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલાનું માની શકાય નહી.

**૧૩.)** વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, તેમજ ફરીયાદપક્ષના કેસમાં રહેલ વાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. જયારે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ ઉપરથી એમ જણાઈ આવતુ હોય કે, આરોપીએ કહેવાનો ગુનો કરેલ છે અને બીજી તરફ આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ હોવાનું જણાઈ આવતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી અને તે

શંકાનો લાભ આરોપીને આપવાનો હોય છે.

**૧૪.)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતા, ફરીયાદપક્ષે પોલીસ સ્ટાફ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવો રજુ કરેલ નથી. જયારે પોલીસ સાહેદના પુરાવાને ધ્યાને લેતાં, સાહેદે પોતાની ફરજ દરમ્યાન કાર્યવાહી કરેલ હોવાનું જણાઈ આવે છે. તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી. વધુમાં, આરોપીઓએ પ્રોહીબીશનનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફરીયાદપક્ષ રજુ થયેલ પુરાવાના આધારે શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.)** આ કામના આરોપીઓ (૧) ગોપાલભાઈ છગનભાઈ જતાપરા (૨) કુલદીપભાઈ હાથીભાઈ ગોવાળીયા (૩) ઉદયભાઈ બાબભાઈ ખવડનાઓને ઢસા પોલીસ સ્ટેશનના થર્ડ ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૪૨૩૦૯૦૨/૨૩ના કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ -૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ -૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે રૂા. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ રાખવાના રહેશે.

**૩.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ અરજદારને વચગાળાના તબકકે પરત કરવા કરેલ વચગાળાના હુકમને આથી કાયમ કરવામાં આવે છે અને તેમાં લાદેલ તમામ શરતો દુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય

વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૬ મી એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૬–૦૪–૨૦૨૬
મુ. ગઢડા

(રવિન્દ્રકુમાર)
એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. ગઢડા, જિ. બોટાદ.
(જી.જે.૦૦૧૭૧૩)

HSP